ગાંધીનગર સમાચાર

તા. ૨૪-૫-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

## યુપીએ-૨ : ચાર વર્ષનું સરવૈયું

મનમોહનસિંહના નેતૃત્વ (?)વાળી 'યુપીએ-૧' સરકારની ઉપલબ્ધિઓ એમને બીજી ટર્મ અપાવવામાં મદદરૂપ બની હતી. એ વખતે એમણે એક કાબેલ અર્થશાસ્ત્રીનો વહીવટ આપ્યો હતો. દેશને ઘણી મોટી આશાઓ બંધાઈ હતી. રાજકારણીઓ કરતાં આવા નિર્લેપ તજજ્ઞના હાથમાં સત્તા હોય તો દેશ વધુ ઝડપથી પ્રગતિ કરી શકે, એવી શ્રદ્ધા સાથે દેશના મતદાતાઓએ યુપીએને બીજા સત્ર માટે રિપીટ કરવાનું પસંદ કર્યું હતું. વિકાસદર પણ વધ્યો હતો અને દેશ મહાસત્તા બનવાની દિશામાં આગળ વધી રહ્યો હોય એવો સધિયારો બેઠો હતો. પરંતુ યુપીએ-૨નો કાર્યકાળ મનમોહનસિંહ માટે ઘણો કપરો સાબિત થયો છે. એમણે લૂલો બચાવ કરતાં કહેવું પડયું છે કે અમને ખાલી પ્યાલો વારસામાં મળ્યો હતો, જે ભરતાં હજી વાર લાગશે. મંદીના પ્રભાવ હેઠળ અનેક દેશો ડામાડોળ થઈ ગયા પરંતુ અમે એ દોર પણ હેમખેમ પાર કર્યો છે. ગરીબી ઓછી થઈ છે એમ જરૂર કહ્યું પણ મોંઘવારીને નાથી નથી શકાઈ એ વાત ન કરી. મનમોહનસિંહે જાતેને જાતે એમના ઓશિયાળા અંદાજમાં કહ્યું કે અમે આ ચાર વર્ષ દરમિયાન અર્થકારણ, શિક્ષણ, ગરીબી નિવારણ અને અણુક્ષેત્ર તથા વિદેશીનીતિ સહિત તમામ ક્ષેત્રોમાં નોંધપાત્ર સફળતા મેળવી શકયા છીએ. સોનિયા ગાંધીએ ચાર વર્ષની સફળતાનો જશન મનાવવો જ જોઈએ એવા દૃઢ અભિગમ સાથે વિરોધપક્ષ સામે આક્રમક વલણ અપનાવ્યું. એમણે કેટલાંક મહત્વનાં પ્રજાલક્ષી પગલાં ભરવામાં વિપક્ષે અપનાવેલ નકારાત્મક વલણની આકરી ટીકા કરી અને હજીએ મહત્વના ખરડા પસાર કરવા માટે વિપક્ષ સાનુકૂળ રહે તે ઈચ્છનીય ગણાવ્યું. વડાપ્રધાન સાથેના તથાકથિત મતભેદો બાબત પણ એમણે ચોખવટ કરી દીધી કે આ વિપક્ષો અને મીડિયા દ્વારા ફેલાયેલી કપોલકલ્પના છે. વડાપ્રધાન પ્રામાણિક પણે વહીવટ કરે છે અને દેશ એમને આદરની દૃષ્ટિએ જુએ છે. રાહુલ ગાંધીએ પણ કોગ્રેંસ પક્ષની સંગઠન પાંખ અને વડાપ્રધાનની પ્રશંસા કરી હતી. અર્થતંત્રને પાટે ચડાવનાર વડાપ્રધાન પોતે સુપેરે જાણે છે કે કોગ્રેંસ પાસે રાહુલ ગાંધી સિવાય બીજો કોઈ સર્વસ્વીકૃત નેતા નથી. તેથી રાહુલ એની ટેવ મુજબ હૅમ્લેટવેડામાં સરી પડશે તો યુપીએ-૩ની જવાબદારી પણ પોતાના શિરે આવી પડે એવી પૂરી સંભાવના છે. ડૉ. મનમોહનસિંહ કયારેક શાયરાના અંદાજમાં ઘણું બધું બિટવિન ધ લાઈન્સ બોલતા રહ્યા છે. એમણે ઈકબાલનો શેર ટાંકી ભવિષ્યની એંધાણી પણ આપી દીધી છે :

'સિતારો સે આગે જહાં ઔર ભી હૈ,
અભી ઈશ્ક કે ઈમ્તહાં ઔર ભી હૈ...'

ટૂંકમાં ભવિષ્યમાં વધુ એક ટર્મ માટે યુપીએ સરકારને નેતૃત્વ પૂરું પાડવાની સરદારજીની તૈયારી ખરી! અલબત્ત, દડો પ્રજાના અને તે પછી રાહુલ- સોનિયાની કોર્ટમાં છે. જેવી એમની મરજી. સરદારજી તો બિચારા ચિઠ્ઠીના ચાકર. ભાજપ તમામ નેતાઓએ મનમોહનસિંહને સદંતર નિષ્ફળ નેતા ગણાવ્યા છે. અરુણ જેટલી કહે છે કે, મનમોહનસિંહે વડાપ્રધાનપદની ગરિમા ઘટાડી દીધી છે. એ સોનિયા ગાંધીના કહ્યાગરા સેવક તરીકે વર્તી રહ્યા છે. સોનિયા ગાંધી એમના નિર્ણયો પર અંકુશ ધરાવે છે. વડાપ્રધાનનું પોતાનું કોઈ વજૂદ રહ્યું નથી. ચાર વર્ષના શાસનકાળમાં યુપીએ-૨ સરકાર કોઈ નોંધપાત્ર કામ કરી શકી નથી. ભ્રષ્ટાચારનાં અવનવાં પ્રકરણ રોજરોજ બહાર આવતાં રહે છે અને સરકારના સાથી પક્ષો ડૂબતું વહાણ છોડીને બહાર નીકળી રહ્યા છે. સરકાર ફકત સમય પસાર કરી રહી છે તે પણ સીબીઆઈની ટેકણ લાકડીના સહારે. આવા સંજોગોમાં દેખીતું છે કે મુખ્ય વિપક્ષ એવા ભાજપને સરકારમાં સત્તા સ્થાને આવવાની ઉતાવળ આવી ગઈ હોય. પરંતુ ત્રીજો મોરચો પણ સત્તાનાં સ્વપ્ન જ સેવી રહ્યો છે ત્યારે શી ખાતરી કે યુપીએને પ્રજા ત્રીજીવાર પસંદ નહીં જ કરે?

### માનવના કલ્યાણ માટે નવા યુગનો પ્રારંભ : મોદી

# અમદાવાદમાં દેશની પ્રથમ યોગા યુનિવર્સિટીનો પ્રારંભ

### મુખ્યપ્રધાને લાંબા વકતવ્યમાં યોગનું કેટલું મહત્વ છે એની સાદી સમજણ આપી : ગુજરાત રાજ્યની મોટી સફળતા

અમદાવાદ, તા.૨૩

ગુજરાતમાં આજથી સંપૂર્ણપણે યોગનું શિક્ષણ આપતી નવી અને સંભવતઃ દેશની પ્રથમ યોગા ખાનગી યુનિવર્સિટીનો પ્રારંભ થયો છે. અમદાવાદમાં એસજી હાઈવે પર બાલાજી મંદિર નજીક લોટ્સ ભવન ખાતે આજે સવારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. લકુલીશ યોગા યુનિવર્સિટી તરીકે ઓળખાતી આ ખાનગી યુનિવર્સિટીને રાજ્ય સરકારે માન્યતા આપી છે.ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી મોદીએ પોતાનો મત વ્યક્ત કરતાં કહ્યું હતું કે, યોગ એ માત્ર રોગમુક્તિ માટે નથી પરંતુ તે ભોગમુક્તિ માટે પણ છે. કાયદાની રીતે તેને યોગાયુનિવર્સિટી તરીકે જોવામાં આવતો હોય. વાસ્તવમાં તે યુગ યુનિવર્સિટી છે કેમ કે, આજથી આ યુનિવર્સિટી દ્વારા માનવજાતના કલ્યાણ માટે એક નવા યુગનો પ્રારંભ થયો છે. જેનો લાભ માત્ર ગુજરાત અને ભારતના જ નહીં પરંતુ વિશ્વ આખાને મળશે.

યોગા એ જ્ઞાન, કર્મ અને ભક્તિનું સંયોજન છે. આ ત્રણેય મળે ત્યારે યોગા બને છે. તેમણે એમપણ કહ્યું હતું કે, તેઓ જ્યારે ગુજરાતમાં યોગા યુનિવર્સિટી સ્થપાશે એમ અગાઉ કહેતા હતા ત્યારે તેમને પૂછવામાં આવતું હતું કે, આ કેવા પ્રકારની યુનિવર્સિટી હશે? પરંતુ આજે સૌ કોઈ જોઈ શકે છે કે યોગા યુનિવર્સિટીનું સ્વપ્ન વાસ્તવિક બન્યું છે.તેમણે પોતાના લંબા વકતવ્યમાં યોગનું કેટલું મહત્વ છે એની સાદી સમજણ આપી હતી અને આ યોગા યુનિવર્સિટી શરૂ કરનાર સંસ્થા તથા રાજર્ષી મુનીજીને અભિનંદન પાઠવ્યા હતા. વિશ્વમાં જ્યારે સ્ટ્રેસ મેનેજમેન્ટ માટે વિવિધ ઉપાયો અજમાવવામાં આવી રહ્યાં છે ત્યારે યોગા તનાવ વ્યવસ્થાપન માટે શ્રેષ્ઠ છે. નિયમિત યોગા કરવાથી માનવીને શારીરિક અને માનસિક તનાવમુક્તિ રહે છે. રોજબરોજના કાર્યોમાં પણ એક નવી ઊર્જાનો અહેસાસ પ્રાપ્ત થાય છે. આજે સંયુક્ત ફેમિલી વિભાજિત થઈને નાના-નાના પરિવારો બની રહ્યાં છે ત્યારે માતા-પિતા કામકાજમાં વ્યસ્ત હોય અને બાળકોમાં માનસિક તનાવ વધી રહ્યું છે જે ગન-કલ્ચરમાં પરિવર્તિત થાય છે. તેમણે દાખલો આપ્યો કે, બાળકને રમકડાંની દુકાનમાં લઈ જઈએ તો દસમાંથી આઠ બાળકો બંદૂકને પસંદ કરે છે. આ દર્શાવે છે કે, આપણે કેવા સમાજની રચના કરી રહ્યાં છીએ. તેમણે તાલીમબદ્ધ અને શ્રેષ્ઠ યોગા શિક્ષકો તૈયાર કરવા માટે ભાર મૂક્યો હતો. આમ, ગુજરાતમાં અમદાવાદ ખાતે આજથી યોગા યુનિવર્સિટીનો પ્રારંભ થયો છે જેમાં ૬ સેમિસ્ટરોમાં ત્રણ વર્ષનો ડિગ્રી અભ્યાસક્રમ શીખવવામાં આવશે.



મને ડૉક્ટરે આઈસક્રીમ ખાવાની ભલે ના પાડી પણ ભાભીએ કહી દીધુ કે એવું કાંઇ નો હોય... એટલે...

## ગુજરાતની લેખક મંડળની સંચાલન સમિતિમાં સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણની વરણી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત લેખક મંડળની સંચાલન સમિતિમાં નિમણૂંક પામતા જાણીતા સાહિત્યકારશ્રી ભાનુપ્રસાદ પુરાણી કરવામાં આવી છે.

ગુજરાતી લેખક મંડળની તા. ૨૬-૪-૧૩ના રોજ અમદાવાદ ખાતે મળેલી નવી સંચાલન સમિતિમાં સર્વાનુમતે લેવામાં આવેલ નિર્ણય અનુસાર જાણીતા લેખક કવિ ભાનુપ્રસાદ પુરાણીને વર્ષ ૨૦૧૩-૨૦૧૬ના ત્રણ વર્ષ માટે સંચાલન સમિતિમાં સંચાલક તરીકે પસંદ કરવામાં આવેલ છે. આ અગાઉ પણ તેઓ કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે રહી ચુક્યા છે.

## રાજ્યમાં વિદ્યાસહાયકોની ભરતી નિયમાનુસાર થાય છે

ગાંધીનગર,તા. ૨૩

રાજ્યમાં વિદ્યા સહાયકની ભરતી નેશનલ કાઉન્સીલ ઓફ ટીચર્સ એજ્યુકેશન NCTE દ્વારા નિયત કરવામાં આવેલા ધારાધોરણ અને લાયકાત મુજબ પારદર્શક રીતે કરવામાં આવે છે. વિદ્યાસહાયકોની ભરતી કરતાં પહેલા NCTEની રૂપરેખા પ્રમાણે શિક્ષક યોગ્યતા કસોટી (TET) રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવે છે. જેમાં ઉત્તીર્ણ થવું જરૂરી છે. ઉમેદવાર બી.એ./બી.એસ. સી., બી.એડ. અથવા પી.ટી.સી. અને TET માં મેળવેલ ગુણને ધ્યાને લેવામાં આવે છે. અને તે મુજબ તેમના મેળવેલ ગુણ મુજબ તેમની મેરીટી યાદી બનાવવામાં આવે છે. અંતિમ યાદી નિયામક, પ્રાથમિક શિક્ષણ વેબસાઈટ પર જાહેર કરવામાં આવે છે, તેમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

વધુમાં વિદ્યા સહાયક તરીકે પસંદગી પામનાર ઉમેદવાર પાંચ વર્ષ સુધી વિદ્યા સહાયક તરીકે સેવા આપે છે તે પછીથી તેને શિક્ષના નિયમિત પગારધોરણમાં સમાવવામાં આવે છે. પરંતુ તેઓ નિમણૂંકની તારીખથી જ શિક્ષણ સમિતિના કર્મચારી ગણાય છે. તે નિયમિત શિક્ષક જેવી ફરજો બજાવે છે તેમજ તેમની લાયકાત પણ નિયમિત શિક્ષક જેટલી જ હોય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમં ૮૫,૦૦૦ જેટલા વિદ્યાસહાયકોનો છેલ્લા ૧૨ વર્ષમાં રાજ્ય સરકારે નિયમિત પગારમાં સમાવેશ કર્યો છે. રાજ્યમાં હાલ જુદી જુદી જિલ્લા શિક્ષણ સમિતિઓ અને નગર શિક્ષણ સમિતિ હસ્તક ૧,૯૪,૧૨૬ શિક્ષકો કાર્યરત છે. આ શિક્ષકોનું વેતન રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. રાજ્યમાં હાલમાં ૪૧,૧૫૭ પ્રથમિક શાળાઓ છે. સરકાર સંચાલિત ૩૨,૭૭૬ શાળાઓમાં ૬૦ લાખ બાળકો અભ્યાસ કરે છે. તેમ પણ જણાવ્યું છે.

## પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા ઈનામ વિતરણ ફોર્મનું વિતરણ

ગાંધીનગર, તા.૨૩

પ્રેરણા પ્રગતિ મંડળના ટ્રસ્ટીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે કે, ૨૫મી મે ૨૦૧ના રોજ પૂનમ હોવાથી સમાજના વિદ્યાર્થીઓને ઈનામ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે જે સંદર્ભે ફોર્મ વિતરણ શરુ થયુ છે તથા આ દિવસે ૬.૪૫ કલાકે આરતી અને મહાપ્રસાદીનો લાભ લેવા સમાજના સર્વેજનોને ખાસ જણાવાયું છે.

શ્રી લિમ્બચ માતાજી મંદિર ગાંધીનગર ખાતે ૨૫મી મે ૨૦૧૩ને શનિવારે પૂનમ હોવાથી તે અંગેની તેમજ વર્ષ ૨૦૧૩માં અભ્યાસમાં સફળ થયેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને ઈનામ આપવા ઈનામ વિતરણ ફોર્મનું વિતરણ ચાલુ કરવામાં આવ્યું છે જે મેળવી લેવા મંડળ દ્વારા ખાસ જણાવાયું છે.

### સમાજ સાહિત્યકારોનો ઋણી છે : રમણલાલ વોરા

## હાસ્ય લેખક તારક મહેતાને 'સાહિત્યકાર ગૌરવ એવોર્ડ'

### મંત્રી રમણલાલ વોરાએ પ્રમાણપત્ર અને ૧ લાખનો ચેક અર્પણ કરી બહુમાન કર્યું : ટોચના લોકો કાર્યક્રમમાં હાજર

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા વર્ષ-૨૦૧૧ માટે હાસ્યકાર તારક મહેતા અને વર્ષ-૨૦૧૨ માટે મુર્ધન્ય સાહિત્યકાર ભગવતીકુમાર શર્માને સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે. એચ કે કોલેજ સભાગૃહ, અમદાવાદ ખાતે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના મંત્રી રમણલાલ વોરાએ આ બંને સારસ્વતોનું શાલ, પ્રશસ્તિપત્ર અને રૂા. એક લાખનો ચેક અર્પણ કરી બહુમાન કર્યું હતું.

સન્માન સમારોહમાં સ્વાગત કરતાં રમત-ગમત યુવા પ્રવૃત્તિઓ વિભાગના સચિવ ભાગ્યેશ જહાએ શબ્દકર્મીઓને પોંખવાનો અવસર ગણાવી તારક મહેતાને એકશન રીપ્લેના હાસ્યધોધનું નિખાલસ સત્ય ગણાવ્યા હતા તેમજ ભગવતીકુમાર શર્માને અનુરમ સામવેદનું ગાન જણાવ્યા હતા. હાસ્યકાર તારકમહેતા વિશે વકતવ્ય આપતાં હાસ્યકાર વિનોદભટ્ટે પોતે હાસ્યનો સંચો ચલાવનાર છું એમ કહેતા તારક મહેતા અને ભગવતીકુમાર શર્માને સાહિત્યજગતના બે બહુમુલ્ય રત્નો ગણાવ્યા હતા. તારક મહેતાના ઉલ્ટા ચશ્માથી તારક મહેતાએ પોતાના પ્રારંભિક જીવનના સંસ્મરણો વહેંચ્યા હતા. મારું જીવન મારી શબ્દયાત્રા છે એમ શબ્દનો મહિમા અને ઋણ રજુ કરતાં સાહિત્યકાર ભગવતીકુમા શર્માએ પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું હતું કે, સુગંધની હું લ્હાણ કરું છું, હું છું શબ્દનો અત્તરિયો. પોતાના ગુજરાતી હોવાના ગૌરવને સન્માનથી સાભાર સ્વીકારતા તેમણે શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

## સ્વ. ત્રિભોવનદાસ પટેલ સ્મૃતિ વ્યાખ્યાન માળાનું ૨૫મીએ દ્વિતીય વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૨૩

સર્વ વિદ્યાલય કડી અને ગાંધીનગર તથા ગાંધીનગર સાહિત્ય સભાના સંયુકત ઉપક્રમે તા. ૨૫મી મે ૨૦૧૩ના રોજ સવારે ૧૦ થી ૧૧ દરમિયાન સ્વ. ત્રિભોવનદાસ પટેલ સ્મૃતિ વ્યાખ્યાનમાળાના દ્વિતીય વ્યાખ્યાન બ્રહ્માણી કૃપા હોલ, સર્વ વિદ્યાલય કેમ્પસ, ગેટ નં.૧, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે.

સ્વ. ત્રિભોવનદાસ પટેલ સ્મૃતિ વ્યાખ્યાન માળાના દ્વિતીય વ્યાખ્યાન પ્રસંગે સમારંભના અધ્યક્ષ તરીકે મંડળના મંત્રી મનુભાઈ પટેલ, ઉદઘાટક તરીકે ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ દોલત ભટ્ટ અને વકતા તરીકે અભિનય સમ્રાટ અને પદ્મશ્રી ડૉ. ઉપેન્દ્ર ત્રિવેદી લોક જીવનમાં પશુ પ્રેમ વિશે વકતવ્ય આપશે. આ પ્રસંગે સ્વ. ત્રિભોવનદાસના પુત્ર અરવિંદભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહેશે એમ ડૉ. સોમભાઈ પટેલ અને નટવર હેડાઉએ એક યાદીમાં જણાવ્યું છે.

## હીનાબેને સ્ત્રીના દરેક ગુણોને પોતાના અભિનયમાં ન્યાય આપ્યો છે. તેમનું મોહક સ્મિત, શર્મિલી, આંખો, આકર્ષક અદા અને લાજવાબ અભિનયના કારણે હીનાબેન શ્રેષ્ઠ નાયિકા બની શક્યા છે

### કેફિયત કલા સાધનાની

આશા સરવૈયા



''અભિનય કરવો એ મારૂં પેશન છે, અભિનય મારા માટે પૂજા કે કારણ કે અભિનયની આરાધના કરૂં છું, અભિનય જ મારી ઓળખ છે.''

હા આ એ સશક્ત અભિનેત્રીના શબ્દો છે, જેમણે ગુજરાતી તખ્તા પર, ગુજરાતી પરદા પર (ફિલ્મો), ગુજરાતી ટી.વી. શ્રેણી, આલ્બમો વિ.માં અભિનય, દિગ્દર્શન અને નિર્માણથી દર્શકોના દિલમાં રાજ કર્યું છે. એ આપણા ગાંધીનગર અને ગુજરાતની ખ્યાતનામ અભિનેત્રી હીના ઉપાધ્યાય. હીનાબેનનો પરિચય મેળવીએ.

નાટ્યકલા અને અભિનય એ વારસામાં ઉપાધ્યાય પરિવારને મળેલા આશીર્વાદ છે. હીનાના પિતાજી પ્રવીણભાઈ અને માતા મયુરીકાબેન ઉપાધ્યાય જાણીતા કલાકારો છે. ઉપાધ્યાય દંપત્તિનો નાટ્ય વારસો લઈને ૧૯૬૯માં પુત્રી હીનાનો જન્મ થયો. (વતન - અમદાવાદ). પ્રવીણભાઈ સરકારી નોકરીમાં હોવાથી ૧૯૭૦માં ગાંધીનગર સ્થાયી થયા.

હીનાનો પ્રાથમિક અને ઉચ્ચતર શાળાભ્યાસ સ્વામી નારાયણ હાઈસ્કૂલમાં. શાળામાંથી જ અનેક પ્રવૃત્તિઓમાં રસ અને ભાગ લેતી હીના પોતાના ઘરે થતાં નાટકોનાં રિહર્સલ રસપૂર્વક નિહાળે. એક વાર હર્ષદ પરમાર દિગ્દર્શીત નાટક 'એક અંધારી રાત' ની હીરોઇન અચાનક બિમાર પડતા, તે રોલ ભજવવાની જવાબદારી હીનાના શિરે આવી. રિહર્સલ જોતા જોતાં ડાયલોગ્સ તો મોઢે હતા અને ધોરણ આઠમાં અભ્યાસ કરતી હીનાએ મુખ્ય અભિનેત્રીનો રોલ ભજવીને 'બેસ્ટ એક્ટ્રેસ' એવોર્ડ પણ મેળવ્યો અને આમ નાટ્ય જગતમાં સફર શરૂ કરી. ત્યાર બાદ પ્રકાશ લાલા દિગ્દર્શીત 'પત્તાની જોડ' માં હીનાએ 'જયોતિ'ના પાત્રમાં અદ્ભૂત અભિનય આપ્યો. આ નાટકના ગાંધીનગર અને ગુજરાતમાં અનેક શો સફળતાપૂર્વક રજૂ થયા. શાળાભ્યાસ દરમિયાન જ અભિનેત્રી તરીકે સરળતા મેળવેલી હીનાએ પછી તો નાટકનો સીલસીલો ચાલુ જ રાખ્યો.

કોલેજ અભ્યાસ સે.૧૫ની કોમર્સ કૉલેજમાં હીનાએ કર્યો. કૉલેજમાંથી ઉનાવાના સાથી કલાકારો સાથે જૂની રંગભૂમિનું નાટક 'સો ટચનું સોનું' રજૂ કર્યું, જેણે પણ ખૂબ સફળતા સાંપડી. અપ્સર સૈયદ દિગ્દર્સીત અનેક નાટકોમાં હીનાબેને અભિનયના અજવાળા પાથર્યા છે. જેમાં મહાભોજ, બેગમ કા તકિયા, સુરજ કી પહેલી કિરણ સે અંતિમ કિરણ તક (ત્રણ નાટકો હિન્દી, ભોજપુરીમાં) વિ. નાટકો રાજયકક્ષાએ વિજેતા બનીને રાષ્ટ્રકક્ષાએ ભજવાયા. સુરજ કી પહેલી કિરણ... નાટકમાં હીનાબેને 'બેસ્ટ એકટ્રેસ'નો એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો હતો. ઉપરાંત માણસ હોવાનો મને ડંખ અને 'પ્રતિક્ષા' આ બંને સફળતાપૂર્વક ભજવાયેલ નાટકોમાં પણ હીનાબેન ને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો. પછી તો નાટ્ય સફરે ઊંચી ઊંડાન ભરી અને પુરૂષ, સાથિયામાં એક રંગ ઓછો, મેજર સાહેબ, પ્રોફેસર પ્યારેલાલ, ધરતીકંપ, કાન્તિ રાઠોડ દિગ્દર્શીત 'મંગલ મંદિર' અને 'ઘરનો દીવો' વિ. નાટકોમાં અભિનય આપીને ગુજરાતી તખ્તા પર ડંકો વગાડી દીધો અને એક અશક્ત અભિનેત્રી તરીકે હીનાબેન છવાઈ ગયા.

ગુજરાતી તખ્તાના અને ફિલ્મના ખૂબ જાણીતા અને લોકપ્રિય કલાકાર ઉપેન્દ્ર ત્રિવેદી નિર્માત અને દિગ્દર્શીત નાટક 'અભિનય સમ્રાટ' માં હીના એ ઉપેન્દ્રભાઈ સાથે અભિનય કર્યો. ગુજરાતી રંગભૂમિ પરનું એક સીમાચિહ્‌ન રૂપ અને પ્રસિદ્ધ થયેલ આ નાટકના ગુજરાત અને ગુજરાત બહાર અનેક શો થયા.



''શો મસ્ટ ગો ઓન...''

અનેક વખત આ કહેવત આપણે સાંભળીએ છીએ પરંતુ આ કહેવતને યથાર્થ પણ હીનાએ પુરવાર કરી છે. અભિનય સમ્રાટનું ગ્રાન્ડ રિહર્સલ પતાવીને ઘરે આવતા હીનાબેનને પગે ઈજાઓ (ફ્રેકચર) થઈ. પ્લાસ્ટર અને લોહી નીતરતા પગે ઈજાઓ (ફ્રેકચર) થઈ. પ્લાસ્ટર અને લોહી નીતરતા પગે હીનાબેને સફળતાપૂર્વક આ શો પુરી કર્યો એટલું જ નહીં પગે ફ્રેકચર સાથે હીનાબેને કુલ ૧૭ શો કર્યા ઉપેન્દ્રભાઈ ત્રિવેદીએ એમની આત્મકથામાં પણ આ વાતનો ઉલ્લેખ કરેલ છે કે ગુજરાત પાસે આવા કટિબદ્ધ, દૃઢ મનોબળ વાળા અને ખમીરવંત કલાકાર છે. હીના ઉપાધ્યાય આ માટે ખેરખર અનેક અનેક અભિનંદનને પાત્ર છે.

ગુજરાતી રંગમંચ ઉપરાંત ગુજરાતી ફિલ્મોમાં પણ શાનદાર અભિનય આપીને હીના પ્રેક્ષકોની માનીતી - લાડીલી અભિનેત્રી બની ગઈ. ગુજરાતી ફિલ્મોમાં ખૂબ નાની વયે બાળ કલાકાર તરીકે 'મહિયરની ચુંદડી'માં એન્ટ્રી કરી અને એ પછી સુદામા, ભગવાન શ્રીકૃષ્ણ, દેવા દેવાયત, વીર ભીસમેન વિ. અનેક ફિલ્મોમાં એક સફળ બાળ કલાકાર તરીકે પ્રવેશ મેળવીને હીના તખ્તા પછી સિનેમામાં પણ સરળ અભિનેત્રી બની રહી.

હીનાબેનના ૧૯૮૭માં પ્રા. શૈલેષ મકવાણા સાથે લગ્ન થયા. ૧૯૮૮માં પુત્રી કુંજનો જન્મ થયો. પરિવાર, દીકરી વિ. જવાબદારીઓનાં કારણે હીનાબેને થોડા વર્ષો અભિનય પ્રવૃત્તિને વિસામો આપ્યો. પરંતુ વ્હાલી દીકરીના પ્રેમાલ હઠાગ્રહને લીધે લગ્ન પછી હીરાબેને ૧૪ વર્ષ બાદ ફરી સક્રીય બન્યા અને ''સગી નણંદની વીરા'' ફિલ્મમાં મુખ્ય હીરોઇનની ભૂમિકા અદા કરીને ફરી વાર છવાઇ ગયા. ત્યાર પછી તો ગુજરાતી ચલચિત્રોમાં વિવિધ ભૂમિકાઓ ભજવીને અનેક પુરસ્કાર પર મેળવ્યા. તેમની ફિલ્મોમાં કાંટો વાગ્યો કાલજે, ગામમાં પિયરીયુંને ગામમાં સાસરીયું, સાચો સથવારો સાજણનો, દાદાને આંગણે તુલસી, દીકરીને ના દેશો કોઈ પરદેશ અને 'મન સાયબાની મેડીએ વિ. જાણીતી છે.' માં 'ભાભી'ની ભૂમિકા ભજવીને ખૂબ પ્રસિદ્ધિ પ્રાપ્ત કરેલ હીનાબેનને 'ભાભી' ના હુલામણા નામથી આજે પણ પ્રેક્ષકો ઓળખે છે!

હીનાબેને સ્ત્રીના દરેક ગુણોને પોતાના અભિનયમાં ન્યાય આપ્યો છે. તેમનું મોહક સ્મિત, શર્મિલી, આંખો, આકર્ષક અદા અને લાજવાબ અભિનયના કારણે હીનાબેન શ્રેષ્ઠ નાયિકા બની શક્યા છે.

હીનાબેને અનેક ગુજરાતી સિરીયલોમાં પણ અભિનય આપ્યો છે. 'હત્ તારીની, કરિયાવર, સ્વર્ગ નરક, સંબંધો ક્ષિતિજ પારના, વિદ્યા, પાણીનો મહિમા, રાજા રણુજા, ક્રાઈમ ડાયરી, હસતાં હસતાં કપાય રસ્તા વિ. શ્રેણીઓમાં તથા 'મોટી બા' શ્રેણીમાં દમદાર નેગેટીવ રોલ ભજવીને ટી.વી. જગતમાં પણ હીનાબેને અપાર પ્રસિદ્ધિ મેળવી.

ગુજરાતી ગીતોનાં આલ્બમોમાં પણ હીનાબેને અભિનય આપ્યો છે. જેમાં પ્રેમ ના કરાય, માખણચોર, જય મા ખોડિયાર, ખોડિયાર ખમકાળી, રૂડો મહાકાળી માનો મઢડો (દિગ્દર્શન સાથે) વિ. મુખ્ય છે. નિજાનંદ માટે જ કામ કરવામાં માનતા હીનાબેને આલ્બમોમાં દિલ ન લાગતાં એ બંધ કર્યું.

હીનાબેનને ડાન્સનો પણ ગજબનો શોખ છે. તેમણે ભરત નાટ્યમ્‌નો સંપૂર્ણ કોર્સ કર્યો છે તો લોકનૃત્યોમાં રાસ-ગરબા, ટિપ્પણી, ડાંગી નૃત્ય વિ.થી લઈને રાજસ્થાની, મરાઠી, પંજાબી, કાશ્મીરી, ઉડીસી વિ. નૃત્યો બખૂબી રજૂ કરી શકે છે. તો વેસ્ટર્ન ડાન્સ પણ તેઓ આકર્ષક શૈલીમાં રજૂ કરે છે. શાસ્ત્રીય, લોક અને વેસ્ટર્ન ડાન્સની ત્રિવેદી સમા હીનાબેને



ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રીમાં 'બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સેસ' નો ખિતાબ મેળવ્યો છે. તેઓ 'નૃત્યશ્રી' સંસ્થા સાથે સંકયાયેલા છે.

જાણીતી સંસ્થાઓ 'અવસર' અને 'સુરમધુર' દ્વારા હીનાબેનનું અભિનય ક્ષેત્રે ગૌરવપૂર્ણ પ્રદાન બદલ સન્માન કર્યું છે.

કલાજગતમાં સ્વની ઓળખ તથા સફળતા પ્રસ્થાપિત થઈ તે માટેનું શ્રેય હીનાબેન પ્રેમાળ પતિ શૈલેષ મકવાણાને આપે છે જેમણે બેકબોન બનીને હંમેશા હીનાબેનને સાથ-સહકાર અને પ્રોત્સાહન આપેલ છે. તો વ્હાલી દીકરી કુંજ (જે હાલ ડેન્ટલ સર્જનનો અભ્યાસ ક્ષેત્રે કમબેક કરી શક્યા છે. કુંજનો અભિનય વારસામાં જ મળ્યો હોવાથી તેણે પણ ગુજરાતી ચલચિત્ર 'ઢોલો મારા મલકનો' માં અભિનય આપેલ છે. હીનાબેનના મમ્મી-પપ્પા મયુરીકાબેન - પ્રવીણભાઈ ઉપાધ્યાય અને નાનાભાઈ બહેનો મનીષા ફાલ્ગુની અને નીરવે પણ કલાક્ષેત્રે પ્રધાન કરેલ છે અને તે બધાએ તથા ભાભી, નણંદ, સર્વે એ હીનાબેનને સહકાર આપેલ છે. તેમજ ચંદ્ર સ્ટુડીયો વાળા સત્યનારાયણ શર્માજી એ પણ હીનાબેનની કારકિર્દીમાં ફ્રેન્ક, ફિલોસોફર અને ગાઇડની ભૂમિકા ભજવેલ છે. આ ઉપરાંત બાળપણના મિત્ર સર્વદમનસિંહ વાઘેલાએ પણ હીનાબેનને અભિનય ક્ષેત્રે હંમેશા મદદ કરીને મૈત્રીધર્મ નિભાવ્યો છે.

૨૦૧૦ ના વર્ષમાં હીનાબેને બાકી રહી ગયેલ એવા દિગ્દર્શક ક્ષેત્રે પણ પ્રવેશ કર્યો. રમેશ પારેખની જાણીતી નાટ્યકૃતિ ''સુરજને પડછાયો હોય''માં ગાંધીનગરના જ કલાકારોને લઈને આ નાટકમાં મુખ્ય ભૂમિકા ભજવી એટલું જ નહીં નાટકનું સફળ દિગ્દર્શન પણ કર્યું!

સદાબહાર અભિનેતી, સફળ દિગ્દર્શક, મદમસ્ત અદાકાર, ''હીના ઉપાધ્યાય'' આજે પણ લોકોના દિલોમાં રાજ કરે છે.

હીનાબેનને અનેક અનેક શુભેચ્છાઓ...